વર્ષ - ૫૧

ડીસેમ્બર-૧૪

અંક : ૫

# કલમ કડછી બરછી

શિક્ષણ સેવા સંરક્ષણ

તંત્રી :
વિરેન શાં. ધોળકિયા
લવાજમ :
વાર્ષિક રૂા. ૧૫૦/-
વર્ષ :
ઓગષ્ટ થી જુલાઈ

બરછી કાર્યાલય, C/o. ફાઈન આર્ટ પ્રિન્ટર્સ,
કોટેચાનગર મેઈન રોડ, કોટેચા ગર્લ્સ હાઈસ્કુલ બિલ્ડીંગ, રાજકોટ - ૧.
ફોન : ૦૨૮૧ - ૨૪૫૩૦૬૩ મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫ Email : barchhi@rediffmail.com Web : www.barchhi.com



મીનલ અંતાણી-રાજકોટ




મોહિત બુચ-મસ્કત



કૈરવી તથા અંકિતા વૈશ્નવ -રાજકોટ




હેલી ઓઝા-વડોદરા



પ્રણામી અંજારીયા-વડોદરા




શ્રેયા ઓઝા-પોરબંદર



મીનળ બુચ-રાજકોટ



અર્ચિતા વૈશ્નવ-રાજકોટ




દર્શિતા વસાવડા-સુરત

## 'બરછી' નિબંધ સ્પર્ધા યોજવા જઇ રહયું છે...વિષય મોકલવા આમંત્રણ

ઘણા વર્ષો પહેલાં 'કલમ કડછી બરછી દ્વારા યોજેલ નિબંધ સ્પર્ધાને જ્ઞાતિજનોનો સરસ પ્રતિસાદ મળ્યો હતો.. સમયની સાથે ઘણા બદલાવ આવ્યા છે...'જનરેશન' બદલે તેમ વિચારો,વિષયો, સમસ્યા, રીતરીવાજોમાં પરિવર્તન આવે જ..તેથી નવા વિચાર નવા વિષયો મળે તે હેતુથી આ વખતે યુવાનો વડીલો પાસે જ નિબંધના વિષયો મગાવી સ્પર્ધા રાખવાનો વિચાર સ્ફૂર્યો છે. સૌને ગમે તેવા તથા જ્ઞાતિને સ્પર્શતા ૩૦૦ જેટલા શબ્દો લખી શકાય તેવા નિબંધના વિષયો આપની પાસેથી આવકારીએ છીએ. પરિવર્તન સ્વીકારી, સોશ્યલ મીડિયાનો સર્જનાત્મક ઉપયોગ પણ ઘણી રીતે થઈ શકે તેમ વિચારી (મો.નં. ૯૪૦૮૭૦૦૧૦૫) 'વ્હોટસેપ' ઉપર પોતાનું નામ,ગામ,ઉંમર અને માત્ર વિષય લખી જણાવવા કે પત્ર કે ઇ–મેઇલ દ્વારા ઉપરોકત માહિતી સાથે વિસ્તૃત સૂચનો,નિયમો વગેરે તા. ૧૫/૧/૧૫ સુધીમાં લખી મોકલવા આમંત્રણ છે. નિર્ણાયક તરીકે સેવા આપવા ઈચ્છતા સાહિત્યરસિક બંધુઓને પણ ઇજન છે. કકબરછી તરફથી પારિતોષીકો આપવામાં આવશે. સૌ જાણે છે તેમ બરછી અનુદાન નથી સ્વીકારતું,પરંતુ સ્પર્ધકોના લાભાર્થે અને પ્રોત્સાહનાર્થે આ સ્પર્ધા માટે જે કોઇ બંધુઓ 'ફૂલ પાંખડી' આપવા ઈચ્છુક હોય તેઓ સંપર્ક કરી શકે છે. વધુ માહિતી, વિષયો,નિયમોઆવતા અંકમાં પ્રસિધ્ધ કરવામાં આવશે. – વિ.શાં.ધોળકિયા,તંત્રી

## ✶ સગપણ સગાઇ :

✶ અમદાવાદના પલક પરાગભાઇ બુચનું સગપણ અમદાવાદ સ્થિત સપન પરાગભાઇ અંજારીયા સાથે.

✶ રાજકોટ સ્થિત પરેશભાઇ ઈશ્વરભાઇ અંતાણી નાં પુત્રી સુચિનું સગપણ રાજકોટના મોહિત વિજય ભાઇ માંકડ સાથે.

✶ ભાવનગરના અભિજીતભાઇ એસ. મહેતાનાં પુત્રી હાર્દિનું સગપણ તારકભાઇ મહેતાના પુત્ર યશપાલ સાથે.

✶ મહુવાનાં નેહા ગૌરાંગભાઇ દેસાઇનું સગપણ આણંદ સ્થિત હેપી ભાલચંદ્રભાઇ જોષીપુરા સાથે.

## ✶ પ્રભુતામાં પગલાં :

✶ રાજકોટના શ્રીમતી તનુજાબેન તથા હેમેન્દ્ર લક્ષ્મીકાન્ત ભાઇ છાયાનાં પુત્રી ચૈતાલિનાં લગ્ન મુંબઇ સ્થિત શ્રીમતી રક્ષાબેન તથા પ્રશાંતભાઇ રોમેશભાઇ વૈશ્નવના પુત્ર તપન સાથે.

✶ રાજકોટના શ્રીમતી ક્રિશ્નાબેન તથા મનોજ ચંદ્રકાન્તભાઇ દેસાઇના પુત્ર જૈનિકના લગ્ન વડોદરા સ્થિત શ્રીમતી કેયુરીબેન તથા અમિતભાઇ ઓઝાનાં પુત્રી પાયલ સાથે.

✶ જામનગરના શ્રી દેવેન્દ્રરાય તથા સૌ. ભારતીબેન ધોળકિયાના પુત્ર ધવનના લગ્ન કિન્નરી ભટ્ટ સાથે.

✶ ભાવનગરના ભગીરથભાઇ ડી. ઓઝાના પુત્ર કવિત ના લગ્ન કંદર્પભાઇ દેસાઇનાં પુત્રી પલક સાથે.

✶ જૂનાગઢ સ્થિત શિરીષભાઇ માધવલાલ મહેતા ના પૌત્ર હિમેશ સાગરભાઇ મહેતાના લગ્ન ભાવનગર સ્થિત કનકરાય છાયાનાં પુત્રી નિરાલી સાથે.

✶ વડોદરા સ્થિત શ્રીમતી મનીષાબેન તથા શ્રી ચિરંતન હરિપ્રસાદ પટ્ટણીનાં પુત્રી ખ્યાતિનાં લગ્ન શ્રીમતી અમોલા તથા શ્રી દેવાંગ મધુકરભાઇ વસાવડા ના પુત્ર નંદિશ સાથે.

## મનન નાણાવટી – જર્મનીમાં એમ.ઇ.ની પદવી

અમદાવાદ સ્થિત મનન (તે રૂપાંગી મુકેશ નાણાવટીના પુત્ર, માલિનીબેન પવનકુમાર નાણાવટીના પૌત્ર તથા રેણુકાબેન કિરીટભાઇ દેસાઇના દોહિત્ર) ઓકટોબર–૧૨માં માસ્ટર ઓફ એન્જીનીયરીંગ ઇન બાયોમેડિકલ, માર્ટીન લુથર યુનિ. અને એન્હાલ્ટ યુનિવર્સિટી ઓફ એપ્લાઇડ સાયન્સ જર્મની ગયેલ. જ્યાંથી ૯૬% (૧.૩ જર્મન ગ્રેડ અનુસાર) સાથે ઉત્તીર્ણ થઇ એમ.ઇ.ની પદવી. અભ્યાસકાળના છેલ્લા સેમેસ્ટર દરમ્યાન યુનિ. તરફથી તેમના બે રીસર્ચ પેપર ઇન્ટરનેશનલ કોન્ફરન્સમાં રજૂ કર્યાં અને પ્રકાશિત થયાં.

## ઉદય છાયા એડવોકેટ થયા



અંજાર સ્થિત શ્રીમતી વર્ષાબેન તથા ભુવનેશભાઇ વી. છાયાના પુત્ર ઉદય છાયાએ ઓલ ઇન્ડીયા એકઝામીનશન AIBE-VIII માં પ્રથમ પ્રયાસે સફળતા મેળવી સ્પે. એલએલ.બી.ની પદવી મેળવી. બી.કોમ., એમ.બી.એ.(ફાયનાન્સ)નો અભ્યાસ કરેલ ઉદય છાયા સ્વ. ડોલરબેન વિનોદચંદ્ર છાયાના પૌત્ર અને શ્રીમતી અક્ષયબેન ભાસ્કરરાય અંજારિયાના દોહિત્ર થાય છે.

## ડો. ફાલ્ગુની વસાવડા –ઓઝા લંડન કોન્ફરન્સમાં ભાગ લઇ આવ્યાં



અમદાવાદ ખાતે MICA માં એસો.પ્રોફેસર માર્કેટીંગ હેડ તરીકે કાર્યરત ડો. ફાલ્ગુની વસાવડા –ઓઝાએ લંડન ખાતે ૪થી ૭ નવેમ્બર દરમ્યાન યોજાય ગયેલ ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં "PORTRAYAL OF MOTHERS IN INDIAN TELEVISION ADVERTI SEMENTS" વિષય ઉપર પોતાનું રીસર્ચ પેપર રજૂ કરી ફરી એક વાર પરદેશમાં પેપર રજૂ કરી કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું છે.

## લીમડી ખાતે જાહેર સમારંભમાં નાટક રજૂ થયું



ગત ૩૧/૧૦ થી તા. ૨/૧૧/૧૪ સુધી સુરેન્દ્રનગર જિલ્લાના લીમડી ખાતે ભગવાન રામકૃષ્ણદેવના વૈશ્વિક મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાય ગયો. આ પ્રસંગે અદ્વૈત આર્ટસ રાજકોટ દ્વારા શ્રી સુનીલ ઓઝા દિગ્દર્શિત 'લીમડીમેં સ્વામી વિવેકાનંદ' તથા શ્રી રક્ષિત વસાવડા દિગ્દર્શિત 'ભકત કવિ સંતશિરોમણી નરસિંહ મહેતા' એમ બે નાટકો ભજવવામાં આવ્યાં. આ નાટકોમાં સર્વશ્રી જ્ઞાતિના ચેતન છાયા, મેહૂલ વૈશ્નવ, જગદીશ બુચ, ઉર્વીશ અંતાણી, હિતેક્ષા બુચ, તૃપ્તિ ઓઝા, વ્યોમા વૈશ્નવ, ગ્રિષ્મા વૈશ્નવ, હેતાંગી વૈશ્નવ, નિધિ રીંડાણી, નેહલ વૈશ્નવ, ચેતસ ઓઝા, ઘટા વસાવડા તથા રક્ષિત વસાવડા અને સુનીલ ઓઝા તેમજ ઈતરજ્ઞાતિ કલાકારોએ વિવિધ ભૂમિકાઓ અદા કરી.તો મંચ આયોજનના સહાયક તરીકે તુષાર પોટાએ જવાબાદારી સંભાળી હતી.

આ પ્રસંગે લીમડી સ્થિત રામકૃષ્ણ મિશનના સ્વામીશ્રી બકુલ મહારાજ દ્વારા સમગ્ર કલાવૃંદ વતી સુનીલ ઓઝાનું સન્માન કરવામાં આવ્યું હતું. સ્થાનિક રહેવાસીઓ ઉપરાંત દેશભરમાંથી આશરે ચાર હજાર જેટલા ભકત સમુદાયે હાજરી આપી બન્ને નાટકો માણ્યા હતાં.

## કલા ગૌરવ–શાસ્ત્રીય નૃત્યમાં રાજ્ય કક્ષાએ પ્રથમ કુ. જન્મા વસાવડા



રાજકોટનાં કુ. જન્મા ધીરેન્દ્ર વસાવડા તે બીપીનચંદ્ર મણિલાલ વસાવડાનાં પૌત્રી અને પ્રવિણભાઇ ગૌરીશંકર માંકડની દોહિત્રીએ તાજેતરમાં યુવક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ ગાંધીનગર આયોજિત યુવક મહોત્સવમાં શાસ્ત્રીય નૃત્ય કથક શ્રેણીમાં ભાગ લઇ રાજકોટ જિલ્લા કક્ષા,પ્રાદેશિક કક્ષા તેમજ ગુજરાત રાજ્ય કક્ષાએ ભાગ લઈ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું. હવે અખિલ ભારત કક્ષાએ રાજ્યના પ્રતિનિધી તરીકે ભાગ લેવા તા. ૮ જાન્યુ.ના ગૌહતી(આસામ) જશે. કુ. જન્માએ કલા ગુરૂ પલ્લવીબેન વ્યાસ, બંને કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું છે. અભિનંદન.

## પ્રભાશંકર રાજારામ દેસાઈ ધર્મશાળા સંચાલિત શ્રી નરસિંહ મહેતા ધામ

વસાવડ નિવાસી દરબાર શ્રી પ્રભાશંકર રાજારામ દેસાઈના વારસદારશ્રી ઈન્દ્રજીતભાઇ (લાલભાઇ) તરફથી ૧૯૬૨માંસેવાભાવી કાર્યકરોનુંટ્રસ્ટ નિયુકત કરવામાંઆવ્યું. જે જનકલ્યાણ–લોકસેવાના આદર્શોને પ્રાધાન્ય આપી આજસુધી નિઃસ્વાર્થભાવે સેવારત છે. જૂનાગઢ શહેરથી પૂર્વ દિશામાંગરવા ગિરનારની તળેટીમાંહરિયાળી નાઘેર અને ગિરીકંદરા પહાડીમાંઆવનાર પ્રવાસીને આરામ સાથે પ્રકૃત્તિનો આનંદ મળે તે હેતુથી ટૂંક સમય પહેલા જ આ ટ્રસ્ટ સંચાલિત શ્રી નરસિંહ મહેતા ધામનુંનિર્માણ કરવામાંઆવેલ છે. જ્યાંજ્ઞાતિજનો માટે આધુનિક સુવિધાસજ્જ આવાસ ભોજનની સુવિધા ઉપલબ્ધ છે. જેના બુકીંગ માટે સ્થળ સંપર્ક : ૦૨૮૫–૨૬૫૦૧૫૮ વ્યવસ્થાપક શ્રી જયેન્દ્રભાઇ વૈશ્નવ– મો. ૯૮૨૫૨૨૪૨૧૯ અથવા વધુ માહિતી માટે ડો. મુકેશભાઇ વૈશ્નવ (મેને. ટ્રસ્ટી) મો. ૯૪૨૭૭૩૩૦૨૧ કે ટ્રસ્ટી મંડળના સભ્યો...શ્રી જસુકાંત વસાવડા, શ્રી યોગીન્દ્ર નાણાવટી, શ્રી વિજય કિકાણી, શ્રી મુકેશ દેસાઇ, શ્રી શૈલેષ દેસાઇનો સંપર્ક કરશો. આ સંસ્થાના વિકાસ માટે આપવામાંઆવતા અનુદાન આવકવેરા ધારાની કલમ ૮૦જી (૫) હેઠળ કરમુકત છે.

## જામખંભાળીયા ખાતે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ સંપન્ન



ભાવનગર સ્થિત શ્રી પર્જન્યરાય ભાનુશંકર અંતાણીએ જામખંભાળીયા ખાતે તા. ૧૦/૧૧થી ૧૭/૧૧/૧૪ દરમ્યાન તેમના સ્વર્ગસ્થ માતા પિતા સ્વ. ભાનુશંકર ઉમીયાશંકર અંતાણી તથા સ્વ. નિર્ગુણાબેન અંતાણી ,નાનાભાઇ સ્વ. હરિશ્ચંદ્ર અંતાણી તથા સર્વે પિતૃઓના મોક્ષાર્થે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કર્યુંહતું. વ્યાસાસને ભાવનગરના ભાગવતાચાર્ય શ્રી નિજાનંદ ગુરૂજી–ઘનશ્યામભાઇ પી. મહેતા બીરાજી કથાનુંરસપાન કરાવ્યુંહતું. છેલ્લા દિવસે વિષ્ણુયાગ યજ્ઞ કરાવી સમાપન કરાવેલ. ગામેગામના પરિવારજનોએ કથાશ્રવણનો લાભ લીધો હતો. સપ્તાહની વ્યવસ્થામાંસર્વશ્રી જીતેન્દ્ર ઢેબર, સૌ. કુંજલતાબેન, રજનીકાન્ત બુચ, તૃષિત બુચ, સૌ. ફાલ્ગુની છાયા,પુષ્પેન્દ્ર છાયા દંપતીનો સક્રીય સેવા સહકાર મળ્યો હતો.

## યુથ ફેસ્ટીવલમાં અવ્વલ – સાર્થક વસાવડા



અમદાવાદ સ્થિત યુવા એન્જીનીયર તથા કલાકાર સાર્થક હિમાંશુ વસાવડાએ જીટીયુ દ્વારા આયોજિત યુથ ફેસ્ટીવલમાં અમદાવાદ ઝોન એકાંકી નાટય સ્પર્ધામાં પ્રથમ ક્રમ તથા સમગ્ર રાજ્યમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરતાં ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત થયાં. સાર્થક નાટયકલામાં રસ ધરાવે છે અને ઘણા નાટકોમાં અભિનયના ઓજસ પાથરેલ છે.

શિક્ષણ સાથે સાહિત્ય કલામાં રસરૂચિ ધરાવતા યુવાઓને બિરદાવવા ઘટે. અભિનંદન.

## કુ. મીનાબેન પોટાને રાષ્ટ્રપતિ પદ્દક



જામનગર મહાનગરપાલિકાના મેયરશ્રીના સંકલન અધિકારી કુ. મીનાબેન સી. પોટાને ૨૦૧૧ની વસ્તી ગણતરીની ઉત્કૃષ્ઠ કામગીરી બજાવવા બદલ કેન્દ્ર સરકાર તરફથી રાષ્ટ્રપતિ એવોર્ડ એનાયત થયો. જે દ્વારા તેઓએ જ્ઞાતિની વહીવટી કુશળતા સિદ્ધ કરી. તેઓ સારા લેખક અને કવિયત્રી છે...તાજેતરમાં મુંબઇ નાગર મંડળ દ્વારા યોજાયેલ નિબંધ સ્પર્ધામાં ભાગ લઇ ૧૯ સ્પર્ધકો વચ્ચે 'બાળપણ' વિષય પર નિબંધ લેખન દ્વારા પ્રથમ સ્થાન મેળવ્યું. જ્ઞાતિને બન્ને ક્ષેત્રે ગૌરવ બક્ષનાર મીનાબેનને ધન્યવાદ

## હાથી – વસાવડા પરિવારના કુટુંબમેળા યોજાયા

(૧) પાલનપુરના સ્વ. વી. ડી. હાથી પરિવારના સભ્યોનો કુટુંબમેળો તા. ૨૪થી ૨૬ ઓકટોબરના રોજ અંબાજી ખાતે શ્રી કાળીદાસ મીસ્ત્રી ગેસ્ટ હાઉસ ખાતે યોજાય ગયો. આ ત્રણ દિવસ દરમ્યાન બાળકોની રમતો, અંતાક્ષરી, ગરબા, સુગમસંગીતની રંગત તથા નાના બાળકો અને ટીનએજર્સે રજૂ કરેલ મનોરંજન પ્રશંસનીય રહેલ. સૌએ મા અંબામાતાના દર્શનનો લાભ પણ લીધો. તા. ૨૬/૧૦ના રોજ મુ. વી. ડી. હાથીના પુત્ર દિનેશભાઇને ૭૫ વર્ષ પૂરાં થતાં હોઇ તથા તેઓના જમાઇ ડો. મયંકભાઇનો જન્મદિવસ હોઇ ઉજવણી કરવામાં આવી. ઉપરાંત ૭૫ વર્ષ પૂરા કરેલ વડીલોનું નવી પેઢીના હસ્તે શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. પરિવારમિલનમાં કુટુંબના સભ્યો તથા દિનેશભાઇ હાથીના શ્વસૂર પક્ષ શ્રી હર્ષદભાઇ ઝાલાના કુટુમ્બિજનોની નોંધપાત્ર હાજરી રહી હતી. શ્રીમતી મેઘનાબેન તથા ડો. મયંકભાઇ, તથા જયંતભાઇના પુત્ર ગૌરવ તથા શ્રીમતી રાખીની જહેમતથી સમગ્ર આયોજનને સફળ બની રહેલ.

(૨) જૂનાગઢના સ્વ. કુસુમરાય નવરંગરાય વસાવડાના પરિવારના સભ્યોનો કુટુંબમેળો તા. ૧૨/૧૨થી ૧૪/૧૨ દરમ્યાન જામખંભાળીયા પાસેના આરાધનાધામ ખાતે યોજાય ગયો. પરિવારના મોભી ૯૪ વર્ષના વ. શ્રી અજીતભાઇ તથા ૮૪ વર્ષના મા. સરલાબેનનું સૌએ શાલ-પુષ્પગુચ્છથી સન્માન કર્યું તેમજ પરિવારના સુખદુઃખમાં ખડેપગે સેવા કરતા શ્રી પૂર્ણિતભાઇ ઘોડાનું શ્રી દેવાંગભાઇ-હિતેશભાઇ છાયાએ સ્મૃતિચિન્હ આપી સન્માન કર્યું. મેળા દરમ્યાન સૌએ દ્વારકા, બેટદ્વારકા, નાગેશ્વર, હાથલા(શનીદેવ)ના દર્શનનો લાભ લીધેલ. કુટુંબમેળાનું સફળ આયોજન અને સંચાલન રાજકોટ સ્થિત શ્રી અવિનાશ એમ. વસાવડા તથા શ્રી મુકેશ વી. વસાવડાએ કર્યું હતું.

(સાંપ્રત સમયની વ્યસ્તતામાં કૌટુંબિક સબંધો દૂર થતા લાગે છે ત્યારે ગઇકાલ અને આજની પેઢીનું અંતર ઘટાડવાના પ્રયાસરૂપ કુટુંબભાવના,લાગણીની શીખ આપવા તથા સામાજિક સમસ્યા હળવી કરવા કુટુંબમેળા આવકાર્ય છે. પરિવારમિલનને વધાવીને બિરદાવીએ..)

**અનંતના યાત્રીઓ :** ભારતીબેન જનાર્દનભાઇ ભટ્ટ (નીનુબેન) રાજકોટ – પ્રમોદાબેન કાંતીલાલ દેસાઇ-વડોદરા ખાતે. જયશ્રીબેન (જયન્તિકાબેન) પરિમલ દેસાઇનું ૮૨ વર્ષે- મુંબઇ. ઋષિકેશભાઇ ડોલરરાય પોટા-૮૨ વર્ષ- અમદાવાદ. સૌ. ગીતાબેન જીતેન્દ્રકુમાર પંડયા-અમદાવાદ-મધુભાઇ (જી.એફ. મંકોડીના પુત્ર)નું ગાંધીનગર ખાતે અવસાન.જામનગર : નીલકંઠરાય મુકુંદરાય ધોળકિયા,પ્રશાંત હરિહરભાઇ રીંડાણી,ઈશ્વરલાલ સી. ઝાલા.કમલેશ પરશુરામભાઇ ઓઝાનું જામનગર ખાતે અવસાન થતાં એક અદના સેવાનિષ્ઠ કાર્યકરની ખોટ પડી છે. જામનગર ખાતે વર્ષો સુધી જ્ઞાતિસેવામાં સક્રીય રહી નાગર મંડળનું પ્રમુખપદ શોભાવનાર શ્રી જગદીશભાઇ માંકડનું અવસાન થયું.

**એક પ્રસ્તાવ :**

અવસાન બાદની પ્રાર્થનાસભા પ્રથા અંગે ચર્ચાઓ તો બહુ થઇ છે...પરિણામ આપણે જાણીએ છીએ. સ્વાભાવિક રીતે જ પરાપૂર્વથી મૃતક અને તેના પરિવાર સાથે લાગણી અને પ્રતિષ્ઠાથી જોડાયેલ આ પ્રથા એકાએક બંધ કરવી શકય કે સ્વીકાર્ય ન બને, પરંતુ સાથે સાથે બદલાયેલી સાંપ્રત પરિસ્થિતિ, નોકરી ધંધા છોડી દૂર દૂરથી બહુ જ ટૂંકા સમય માટે આવન જાવન મુશ્કેલ અને ખર્ચાળ પણ થતું જાય છે તે પણ ધ્યાનમાં લઇ આવી દુવિધામાં જ્ઞાતિજન-સંસ્થા માટે વચલી કેડી જેવો પ્રસ્તાવ સૌની વિચારણા માટે રજૂ કરૂં છું....

મૃતકની વ્યકિતગત પ્રાર્થના સભાને બદલે દર ત્રણ/છ મહિને જ્ઞાતિની સામુહિક પ્રાર્થના સભા સદગતના સંબંધિત જે તે શહેરમાં (રાજકોટ, જામનગર, જૂનાગઢ, ભાવનગર, ભુજ,અમદાવાદ, વડોદરા) ખાતે યોજવી. દરમિયાન સબંધિત મથક સાથે જોડાયેલ મૃતકના પરિવારના સભ્ય ઉપસ્થિતિ -પ્રતિનિધિત્વમાં મૃતકજનની યાદી પ્રદર્શન, પ્રસારણ, પુષ્પાંજલિ, ગીતાપાઠ, ભજનથી સમૂહ પ્રાર્થનાસભા યોજી અંજલિ આપી શકાય. કદાચ શરૂ શરૂમાં (કોઇપણ પરિવર્તન)માફક-સ્વીકાર્ય ન લાગે પરંતુ સમયાંતરે સહજ બની જાય. જ્ઞાતિસંસ્થાઓ- સેવાભાવી કાર્યકરો પાસે અમલીકરણની અપેક્ષા..

–અવિનાશ જોષીપુરા, રાજકોટ

**અ. સૌ. સ્વ. ભુવનેશ્વરી (વર્ષા) જયંત હાથીને**
**તેમની ચતુર્થ પૂણ્યતિથિએ સ્મરણાંજલિ**

**જન્મ : ૨૩-૬-૧૯૩૭ અવસાન : ૨-૧-૨૦૧૧**



ચંડીપાઠના અર્ગલા સ્તોત્રમાં જગદમ્બા ને પ્રાર્થના છે કે 'પત્નિં મનોરમાં દેહિ મનોવૃત્તાનુસારિણીમ્। તારિણીં દુર્ગસંસાર સાગરસ્ય કુલોદ્ભવામ્॥ એક અંતરની પ્રાર્થના અને તેને સુસંગત જીવનસંગીની મળે તે ઉત્તમ પ્રાર્થનાની ઉપલબ્ધી એજ સદ્ભાગ્ય. તમને યાદ કરતાં સહુના મનમાં આજ શબ્દો ઉદભવે કે,મહેકાવ્યું તું તમે આપણા કૂળનું ઉપવન, લાગણીઓ ના જળ સીંચીને બનાવ્યું તું એક નંદનવન, ટૂંકી જિંદગીમાં લાગણીઓના સ્ત્રોત વહાવી ગયાં, હતાં નજર સમક્ષ પણ પાંપણના પલકારે મોક્ષ પામી ગયાં...આ ચતુર્થ પૂણ્યતિથિએ કુટુંબીજનો તરફથી તમને પુષ્પાંજલિ.. જયંત હાથી અને કુટુંબીજનો

**ભારતીબેનને શ્રધ્ધાંજલિ**



'ગયાં પોતે અને લેતાં ગયાં
રોનક બધી સાથે
પડયું છે એમ ઘર જાણે
નથી રહેતું કોઇ ઘરમાં'

–અમૃત ઘાયલ

**સ્નેહાળ પત્ની અને પ્રેમાળ માતાને અર્પણ...**

જનાર્દન (નીનુ ભટ્ટ) આલોક ભટ્ટ
પ્રિયંક ભટ્ટ
અ.સૌ. સોરી
અ.સૌ. શિલ્પા
અનુષ્ક,અમાયા

## કુ. ખુશાલી માંકડ – એમ.કોમ.માં સુવર્ણચંદ્રક



કુ. ખુશાલી કમલેશભાઇ માંકડ (તે સ્વ. જનકરાય ભોગીલાલ માંકડનાં પૌત્રી તેમજ સ્વ. પ્રબોધભાનુ નારદલાલ વૈશ્નવનાં દોહિત્રી)ને અત્રેની સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા લેવાયેલ એમ.કોમ. સેમે.–૪ની પરીક્ષામાં ફાયનાન્સ વિષયમાં સૌથી વધુ ગુણ મેળવવા બદલ તા. ૭/૧૨ના રોજ રાજ્યપાલશ્રીના હસ્તે સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો. કુટુંબ જ્ઞાતિને ગૌરવ બક્ષવા બદલ અભિનંદન.

## શ્રી કચ્છ નાગર પરિવાર, રાજકોટ

તા. ૨ નવેમ્બરના રોજ દર વર્ષની પ્રણાલી મુજબ નવા વર્ષનું સ્નેહમિલન યોજાય ગયું. જેમાં બાલમંદિરથી સ્નાતક,અનુસ્નાતક કક્ષાની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર બાળકોથી યુવાનોને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમની શરૂઆત કુ. ધરા માંકડની પ્રાર્થનાથી થઈ હતી. પરિવારના પ્રમુખશ્રી નિશેન્દુભાઇ માંકડ તથા શ્રી મકરંદભાઇ વોરાએ નવવર્ષની શુભેચ્છા પાઠવી હતી, તો શ્રી બંકીમભાઇ વૈશ્નવે વર્ષ દરમ્યાનની પ્રવૃત્તિઓનો અહેવાલ તથા ભવિષ્યના કાર્યક્રમો અંગેની માહિતી આપી હતી. શર્મિષ્ઠાબેન વોરાએ તાનારીરી મહોત્સવ લઇ સંગીતની કવીઝ રજૂ કરતાં તેમાં ભાગ લઇ સૌએ આનંદ માણ્યો હતો. પરિવારના સભ્યો દ્વારા આર્થિક સહયોગ પણ સાંપડયો. શ્રી હિમાંશુભાઇ રાણાએ સમગ્ર કાર્યક્રમનું રસાળ શૈલીમાં સંચાલન કર્યુંહતું. અંતમાં સૌ કાઠીયાવાડી ભોજન ઓળો, રોટલા પરોઠા સાથે હલવાનો આસ્વાદ માણી છૂટા પડયા હતા.

તા. ૧૨ નવેમ્બરથી ૧૯ નવેમ્બર દરમ્યાન સંસ્થાના નેજા હેઠળ રાજસ્થાન પ્રવાસનું સફળ સુંદર આયોજન થઇ ગયું. જેમાં ૪૬ સભ્યો જોડાયા હતા. તા. ૧૨/૧૧ના રોજ બપોરે ૨ વાગે વેરાવળ– જબલપુર ટ્રેનમાં અમદાવાદ ત્યાંથી બાન્દ્રા –જોધપુર ટ્રેનમાં જોધપુર જવા રવાના થયા હતા. સવારે ૬:૩૦ વાગ્યે પહોંચી રીસોર્ટમાં મુકામ કરી બ્લ્યુ સીટી જોધપુરનો મહેરામગઢ ફોર્ટ, ઉમેદસિંહ પેલેસ જોયા. બીજે દિવસે ૮ વાગે લકઝરી કોચમાં જેસલમેર જવા રવાના થયા. રસ્તામાં રામ દેવડા રામાપીરની જગ્યાના દર્શન કર્યાં. ગોલ્ડન સીટી તરીકે તરીકે જાણીતા જેસલમેરમાં સાંજે વિવિધ સ્થળો કિલ્લો, ઘડીસર લેક, પટવારોની હવેલી,ડેઝર્ટ સફારી વગેરે જોયાં. ઊંટ સવારી અને સૂર્યાસ્તનો આનંદ માણ્યો. રાત્રી રોકાણ ટેન્ટમાં હતું. જ્યાં લોકનૃત્ય અને રાજસ્થાની લોકસંગીતનો અનન્ય લાભ લીધો. ત્યાંથી જયપુર –પીંક કલરથી રંગાયેલ પીંક સીટી–ગયાં. ત્યાંસીટી પેલેસ, જંતરમંતર,હવા મહેલ, આમેર ગઢ ફોર્ટ જોવાનો આનંદ માણ્યો. આમેરગઢ ફોર્ટનું નકશીકામ, કોતરણી, શીશ મહેલ આસપાસનો કુદરતી નઝારો અદભૂત છે. રાત્રે તેનું ઐતિહાસીક વર્ણન કરતા લાઇટ એન્ડ સાઉન્ડ શો માણ્યો. ગુલઝાર લિખીત સ્ક્રીપ્ટ અને અમિતાભ બચ્ચનની રજૂઆત શોને વધુ કર્ણપ્રિય અને પ્રેક્ષણિય બનાવે છે. બીજે દિવસે 'શોપીંગ ડે' હતો..કલાત્મક ચીજ વસ્તુઓની ખરીદી કરી. સવારે ૮ વાગે સ્વસ્થાને જવા રવાના થયા. કારોબારી સભ્યોની આગોતરા આયોજન વ્યવસ્થા, સુવિધા,સૌના વિશેષ નવયુવાનોના સાથથી પ્રવાસ ખરા અર્થમાં 'રોયલ' બની રહેલ.

## શ્રી વડનગરા નાગર મંડળ, ગાંધીનગર

દર વર્ષની પરંપરા મુજબ સંસ્થાના ઉપક્રમે આ વર્ષે પણ વિદ્યાર્થી અભિવાદન, ૭૫ વર્ષ પૂર્ણ કરેલ વડીલો, લગ્નજીવનનાં ૫૦ વર્ષ પૂર્ણ કરેલ વડીલ દંપતીઓ, વય નિવૃત્ત બંધુઓનું સન્માન તથા શૈક્ષણિક સાંસ્કૃતિક કે કલાના ક્ષેત્રમાં વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરી હોય તેવા પ્રતિભાસંપન્ન જ્ઞાતિજનોના સન્માનનો કાર્યક્રમ તા. ૩૦/૧૧/૧૪ના રોજ યોજાય ગયો જેના મુખ્ય મહેમાન પદે શિક્ષણવિદ્, મા સરસ્વતીના કૃપાપાત્ર જાણીતા લેખક ડો. ભદ્રાયુભાઇ વછરાજાની ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમની શરૂઆતમાં પ્રમુખશ્રી સુધીરભાઇ દેસાઇએ પોતાના સ્વાગત પ્રવચનમાં સૌને આવકારી જ્ઞાતિસેવા માટે એક 'યુવા બ્રિગેડ'ની રચના કર્યાની જાહેરાત કરી હતી. જેમાં વધુને વધુ યુવાનોને જોડાવા હાકલ કરી હતી. મુખ્યમહેમાન પદેથી ભદ્રાયુભાઇએ યુવા બ્રિગેડની રચના બદલ અભિનંદન પાઠવી ખુશી વ્યકત કરી યુવાનોને આગળ કરવા વડીલોને જગ્યા કરી આપવાનો સમય નિશ્ચિતપણે પાકી ગયાનું જણાવી આ વિષય ઉપર જ પોતાની અસ્ખલિત, માર્મિક છતાં ચિંતનસભર શૈલીમાં વકતવ્ય આપ્યું હતું, જેને સૌએ મનભરી માણ્યું હતું.મુખ્ય મહેમાનનો પરિચય મંડળના સલાહકાર શ્રી પ્રણવ જોષીપુરાએ આપ્યો હતો, તો મૌલિક અને રસાળ શૈલીમાં શ્રીમતી જીજ્ઞા દર્પણ હાથીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આભારવિધિ મંત્રી તરંગ હાથીએ કરી હતી. કાર્યક્રમના અંતે પાંઉભાજીને ન્યાય આપી સૌ ઉલ્લાસભેર વિખરાયા હતા.

('પાટનગર'ના હવામાનથી મુકત સંસ્થા 'વાતો' નહીં વર્ષોથી કંઇક નવું કરી બતાવે છે. ઉત્સાહી કારોબારીએ યુવાબ્રિગેડની રચના કરી જે માટે અભિનંદન..જો કે અભ્યાસ કે નોકરી કરતા યુવાનોની આજની પરિસ્થિતિ પ્રવૃત્તિઓમાં ભાગ લેવા કે સેવા ઇચ્છુક યુવાઓને સમય ફાળવી ન શકે તેવી લાચાર બનાવનારી છે તે પણ સ્વીકારવું રહયું... મનોદશા અને દશા માટે એક સરસ 'પોસ્ટ': માતા (પુત્રને): મુજે પતા નહીં ચલતા કી સંજય દત્તકો જેલમેંસે છુટ્ટી મિલ શકતી હૈ,તુ ઐસી કૌનસી નોકરી કર રહા હૈ કી તુજે કભી છૂટ્ટી હી નહીં મિલતી !!

બીજી નોંધ લેવા જેવી અને  સંસ્થાઓએ પણ અપનાવવા જેવી બાબત એ લાગી કે કાર્યક્રમ લાંબો અને કંટાળાજનક ન બને અને દાતાઓનું માન સચવાય રહે તે માટે પારિતોષીક આપનાર દાતાઓના નામનો ઉલ્લેખ સ્ટેજ ઉપરથી ન કરતાં દરેક દાતાના નામની પ્રિન્ટેડ યાદીનું કાર્યક્રમ શરૂ થતા પહેલાં વિતરણ કરવામાં આવ્યું,)

## વિચાર મૌકિતક

–જીવન એટલું બધું ક્ષણભંગૂર છે કે તેને ક્ષૂદ્ર તો ન જ બનાવી શકાય.

–કેટલાક લોકોને દુઃખ સદી ગયું હોય છે, તેઓ રડી પણ નથી શકતા

– જીવનની નિરર્થકતા જેઓ સમજે છે, તેઓ જ જીવનને સાર્થક બનાવી શકે છે.

–કેટલાક લોકો પૂનમની મધૂર ચાંદની જેવા હોય છે તો કેટલાક  વૈશાખની ધોમધખતી બપોર જેવા.

–મિત્રો પસંદ કરવા પડે છે, શત્રુઓ તો આપો આપ ઉભા થાય છે.

– જે બીજાના પગ ખેંચ્યા જ કરે છે તેના હાથ હમેંશા એમાંજ વ્યસ્ત રહે છે.

–જે વ્યકિત સતત મૌન રહેતી હોય અને જે વ્યકિત સતત બોલ બોલ કર્યા કરતી હોય, આ બંન્ને પ્રકારની વ્યકિતઓથી દૂર રહેવું.

–વહેવારમાં સરખામણી કરીએ તો એ વેપાર બની જાય છે.

–સુગંધ ફેલાવવા માટે માત્ર અગરબત્તીની જેમ બળ્યા કરવું જરૂરી નથી અત્તરની જેમ પણ સુગંધ પ્રસરાવી શકાય છે.

– પરેશ વોરા, રાજકોટ

(અગાઉ જાહેર કર્યા મુજબ રંગોળીના ફોટોગ્રાફ ગતાંકમાં સમયની ખેંચને કારણે ભૂલાઇ જતાં વિવિધતા અને પ્રોત્સાહન અર્થે આ અંકમાં પ્રસિદ્ધ કર્યા છે. –તંત્રી)